# રામપુરનો બહાદુર અર્જુન

– યશવંત કડીકર

રામપુર ગામની પાસે આવેલા જંગલોમાં એક માનવભક્ષી વાઘે હાહાકાર મચાવી દીધો હતો. કેટલાંય જાનવરો, ત્રણ ચાર બાળકો અને કેટલીય સ્ત્રીઓ અત્યાર સુધીમાં વાઘના શિકારનો ભોગ બની ચૂકી હતી. સાંજ પડતાં જ લોકો ઘરમાં ઘૂસી જતાં. સવારે અજવાળું થતાં જ ઘરબહાર નીકળતાં. કેટલીક વાર તો એવું બનેલું કે સવારનું આછું અજવાળું થતાં લોકો બહાર નીકળે કે ટાંપીને બેઠેલો વાઘ એમના પર હુમલો કરે અને તેઓ વાઘના શિકારનો ભોગ બની જાય. રાતે તો વાઘના હુમલાની વાત એટલી ફેલાતી કે લોકોની ઊંઘ હરામ થઈ જતી. રેડિયો, ટેલિવિઝન, છાપાંઓથી લઈને ખેતર, ગામ કે ચાની લારી પર એક જ વાત ચર્ચાતી – ‘‘વાઘ !...... વાઘ!!....વાઘ!!!

સરકાર તરફથી વાઘને કોઈ પણ રીતે પકડવાના હુકમ છૂટી ગયા હતા. જીવતો કે મરેલો, વાઘને પકડવો જરૂરી બની ગયું હતું. પણ આવું ક્યારે થશે, એની કોઈને ખબર ન હતી. વન વિભાગના શિકારીઓના અત્યાર સુધીના બધા પ્રયાસો સાવ નિષ્ફળ નીવડયા હતા. આ બાજુ બહારથી આવનાર માણસોની અવર–જવર પણ બંધ થઈ ગઈ હતી.

અર્જુન ત્રણ માસ પહેલાં જ લશ્કરમાંથી નિવૃત થઈને પોતાના વતન રામપુરમાં આવ્યો હતો. વાઘના કારણે છુપાઈ છુપાઈને જીવવું એને ખૂબ જ ડંખી રહ્યું હતું. પછી તો તેણે નક્કી જ કર્યું કે જે દિવસે વાઘ સામે આવશે તે દિવસે વાઘ કે પોતે બેમાંથી એક જ બચશે. અર્જુન જ્યારે પણ ઘરની બહાર નીકળતો, એની લાયસન્સવાળી, બે નાળવાળી બંદૂક એની સાથે જ હોય.

અર્જુને એક મહિનાથી ચૂનાની એક નાની દુકાન ખોલી હતી. એના એક રિટાયર્ડ બ્રિગેડિયરનો અમદાવાદમાં ચૂનો પીસવાનો એક પ્લાન્ટ હતો. અર્જુન ચૂનાનો પાઉડર ત્યાંથી ખરીદી લાવીને એનો વેપાર કરતો હતો. પોતાની મદદ માટે એણે એક નોકર પણ રાખ્યો હતો. આમ એના ઘરનું કામકાજ આરામથી ચાલતું હતું.

એ દિવસે અર્જુનને દુકાનમાં થોડું મોડું થઈ ગયું હતું. આજુબાજુના લોકો પોત–પોતાની દુકાનો બંધ કરીને ઘર ભેગા થઈ ગયા હતા. નોકર ચૂના–પાઉડરના ઢગલાને તાડપત્રીથી ઢાંકવાના કામમાં લાગેલો હતો. ત્યાં અચાનક સરસરાટ સાથે કોઈ ભારેખમ વસ્તુ અંધકારમાં નોકર પર ત્રાટકી. અને ઘડીભરમાં જ લોહી–લુહાણ થયેલો નોકર જમીન પર ઢળી પડયો. અર્જુનને સમજતા વાર ના લાગી કે આ માનવભક્ષી વાઘનો જ હુમલો હતો.

નોકરનું ગળું અને જમણા હાથના માંસનો લોચો બહાર આવી ગયો હતો. અને ચારુબાજુ લોહી લોહી થઈ ગયું હતું. તે વેદનાથી તરફડી રહ્યો હતો. અર્જુન ને થયું કે પહેલા હુમલામાં પોતાના શિકારને લઈ જવામાં અસફળ વાઘ નજીકમાં જ તરાપ મારવા બેઠો હશે.

અર્જુને તરત જ પોતાની બંદૂક ઉઠાવી અને નોકરની પાસે પહોંચીને નિશાન તાકીને બેસી ગયો. અર્જુનની આંખો સતત અંધારામાં મંડાયેલી હતી, જે તરફ વાઘ ગયો હતો.

અર્જુનને થયું કે એક ફાયર તો કરી જ દે. જેથી આજુબાજુના લોકો મદદ માટે આવી પહોંચે. એણે ટ્રિગર દબાવી, પણ.....આ શું ? ફાયર ચૂકી જવાયો. એ દિવસે બંદૂકમાં એક જ કારતૂસ હતો.

બીજી બાજુ એક ક્ષણ જિંદગી અને મોત વચ્ચે પસાર થઈ રહી હતી. માનવભક્ષીનું મ્હોં લોહી ચાખી ચૂક્યું હતું. એના શિકારને લઈ જવા એનો બીજો હુમલો ગમે ત્યારે થઈ

શકે એમ હતો. બીજી બાજુ સમય વીતતો હોવાથી નોકરની હાલત વધુ બગડતી જતી હતી એવા સમયમાં અર્જુન બંદૂકમાં ફસાયેલા કારતૂસને કાઢવા લાગ્યો. ત્યાં અચાનક જ એણે જોયું તો કોઈ પચાસ ગજના અંતરે દૂર અંધારામાં બે ચમકતી આંખો એના તરફ આગળ વધી રહી હતી. હવે તો કારતૂસ કાઢીને બીજો કારતૂસ ભરવાનો સમય નહોતો. ઘડીભર તો અર્જુન ચિંતામાં પડી ગયો. શું કરવું, શું ના કરવું. દેખાતી, ચમકતી પેલી આંખો માનવભક્ષી વાઘની જ હતી. અજવાળા માટે તો ત્યાં એક પેટ્રોમેક્ષ હતી. જે વરંડામાં થોડું અજવાળું આપી રહી હતી.



અર્જુન પાસે સતત સમય ઓછો થતો જતો હતો અને બીજી બાજુ મોત સતત પાસે આવી રહ્યું હતું, ત્યાં જ અર્જુનના મગજમાં એક યુક્તિ સૂઝી. એણે બંદૂક મૂકી દઈને તબડકામાં ભરેલો ચૂનાનો પાઉડર ઊઠાવ્યો અને જાનના જોખમે પેલા માનવભક્ષીની રાહ જોવા લાગ્યો.

જેવો પેલા માનવભક્ષીએ કૂદકો મારીને નોકર પર છલાંગ મારી, અર્જુને તબડકાનો બધો પાઉડર વાઘના ચહેરા પર ફેંક્યો.

અર્જુનને થયું કે ચૂનાના પાઉડરનો મોટો ભાગ વાઘની આંખો, મ્હોં અને નાકમાં પેસી ગયો હશે. પરિણામે વાઘ અર્જુન કે નોકરની તરફ આવવાને બદલે આંખો મીંચીને બીજી તરફ ભાગ્યો. પરંતુ તે બાજુ જતાં ત્યાં રાખેલા ચુનાના ઢગલા સાથે ભટકાયો. બાકી રહ્યું હતુ તે હવે પૂરું થઈ ગયું. વાઘનો આખો ચહેરો ચુનાથી લથબથ થઈ ગયો.

ચુનાએ તરત જ પોતાની અસર દાખવી. જેમ જેમ ચુનો વાઘની આંખો, નાક અને મ્હોંની અંદર પાણીમાં પીગળવા લાગ્યો, એમાંથી નીકળતી તેજ ગરમીથી વાઘ ત્રાડ પાડી ઊઠ્યો. એની આ ભયંકર ત્રાડથી આખું ગામ થરથરી ઊઠ્યું.

મોકો મળતાં જ અર્જુને બંદૂકમાં નવો કારતૂસ ભર્યો અને એક–એક કરીને બે ફાયર ચૂનાના ઢગલામાં માથું પટકી રહેલા વાઘ પર કર્યા. ત્યાં સુધીમાં તો આજુબાજુના લોકો પણ હથિયાર અને મશાલો લઈને આવી પહોંચ્યા. સામે જ ચૂનાથી લથપથ મૃત્યુ પામેલા માનવભક્ષીને જોઈને ખુશ થતા કૂદાકૂદ કરવા લાગ્યા. અર્જુનના મ્હોંએથી માનવભક્ષીને મારવાની વાત સાંભળીને લોકો રોમાંચિત થઈ ગયા.

ઘવાયેલા નોકરને દવાખાનામાં લઈ જવામાં આવ્યો. બીજા દિવસે છાપામાં અર્જુન અને વાઘના ફોટા સાથે આ સમાચાર મોટા અક્ષરોમાં છપાયા હતા – ‘‘સેનાના વાઘે માનવભક્ષીને માર્યો.’’

■